# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ, સેક્ટર–૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર–૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦, ફેક્સ નંબર–૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email : gmc8gandhinagar@gmail.com

નમૂના - ઘ ( નિયમ - ૧૦ )

## વિકાસ માટે પરવાનગી

શ્રી PARIMAL M. PATEL PARTNER OF SWAMARVELLA DEVELOPERS LLP

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ - ૨૯ (૧), ૩૪, ૪૯ (૧) (ખ), ધી ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ – ૨૫૩, ૨૫૪ હેઠળ મોજે ગામ:- ZUNDAL તાલુકો : GANDHINAGAR જીલ્લો: GANDHINAGAR નગર રચના યોજના નંબર:-T.P-69 (CHANKHEDA-ZUNDAL-TRAGAD) રે.સ.નં./પ્લોટ નંબર-406/1+382/6, હિસ્સા નં- -- મુળખંડ નં-156,186 અંતિમખંડ નં-156+186 સબ પ્લોટ નં---, ટેનામેન્ટ નં. -- માટે 2429.00 ચો.મી. જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધિન વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

કામનુ વર્ણન :

| અ.નં. | ફ્લોર | વિકાસનું ઉપયોગી (ચો.મી.) | વિકાસનો ઉપયોગ | એકમની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| 1 | BASEMENT | 1708.18 | PARKING | --- | BLOCK – A, B, |
| 2 | GR. FL (H.P+S.P) | 861.61 | COMMERCIAL+PARKING | 06 | Permi. F.S.I = 4372.20 SQ.MT. CHARGEBLE F.S.I = 2183.79 SQ.MT. |
| 3 | 1ST FL. | 808.50 | COMM.+ RESIDENTIAL | 06+06 | TOTAL USED F.S.I = 6555.99 SQ.MT. |
| 4 | 2ND FL. | 759.38 | RESIDENTIAL | 08 | RESIDENTIAL UNITS TOTAL: 82 COMMERCIAL UNITS TOTAL: 12 TOTAL UNITS : 94 |
| 5 | 3RD FL. | 759.38 | RESIDENTIAL | 08 | |
| 6 | 4TH FL. | 759.38 | RESIDENTIAL | 08 | |
| 7 | 5TH FL. | 759.38 | RESIDENTIAL | 08 | |
| 8 | 6TH FL. | 759.38 | RESIDENTIAL | 08 | |
| 9 | 7TH FL. | 759.38 | RESIDENTIAL | 08 | |
| 10 | 8TH FL. | 759.38 | RESIDENTIAL | 08 | |
| 11 | 9TH FL. | 759.38 | RESIDENTIAL | 08 | |
| 12 | 10th FL. | 759.38 | RESIDENTIAL | 08 | |
| 13 | 11TH FL. | 489.43 | RESIDENTIAL | 04 | |
| | STAIR CABIN | 181.80 | --- | --- | |
| | M.ROOM & O.H.W.TANK | 74.57 | --- | --- | |
| | TOTAL | 10958.51 | COMM. + RESIDENTIAL | 12+82 | |

માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ મંજુર કર્યા મુજબ
ક્રમાંક : પી.આર.એમ./GMC/307/ ઝુંડાલ -69/12/૨૦૨૧ / ૨૨૮૨૮
વપરાશ : રહેણાંક + વાણીજ્ય
તારીખ : ૨૨/૧૨/૨૦૨૧

નકલસવિનય રવાના :(૧) નગર રચના અધિકારીશ્રી, એકમ-૧ અમદાવાદ
(૨) જનરલ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી. અવની ભવન, ચાંદખેડા, અમદાવાદ.(શરત ૨૧ તથા ૨૨ અંગે જાણ સારૂ)

[signature]

જુનિયર ટાઉન પ્લાનર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

**ખાસ શરતો :**

ખાસ શરતો : આ વિકાસ પરવાનગીથી જી.ડી.સી.આર ના વિનિયમ નં. ૪.૩ મુજબ તેમજ અન્ય લાગુ પડતા કાયદા/નિયમો અન્વયે પરવાનગીઓ મળતી નથી.
૧. આ વિકાસ પરવાનગીથી જી.ડી.સી.આર ના વિનિયમ નં. ૪.૩ મુજબ તેમજ અન્ય લાગુ પડતા કાયદા/નિયમો અન્વયે પરવાનગીઓ મળતી નથી.
૨. વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર શરૂ કરતાં પહેલા સાત દિવસ અગાઉ ફોર્મ નં.૨(ડી) નું એનેક્ષર સ્ટ્રક્ચરલ ડ્રોઈંગ્સ, વર્કીંગ ડ્રોઈંગ્સ તથા સોલર ઈન્વેસ્ટીગેશન
રીપોર્ટસ નિયમોનુસાર રજુ કરવાના રહેશે.
૩. બાંધકામના નીચેના દરેક તબક્કે ફોર્મ નં ૬(એ) થી ૬(ડી)માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ
આગળના તબક્કાનું બાંધકામ શરૂ કરવાનું રહેશે
અ. પ્લીન્થ અથવા ભોંયરાનું બાંધકામ હોય તો ભોંયરા ઉપરનો સ્લેબ ભરવામાં આવે તે પહેલા.
બ. પ્રથમ માળનાં બાંધકામ વખતે.
ક. છેલ્લા માળનાં બાંધકામ વખતે.
૪. જી.ડી.સી.આરની જોગવાઈ તથા સરકારશ્રીના તા.૨૯-૦૫-૨૦૦૧ના સ્ટ્રકચર સેફ્ટી અંગેના વિનિમય નં. ૩ અનુસાર બાંધકામ સ્થળની જરૂરિયાતોની જોગવાઈઓનું પાલન થયેથી
જ સ્થળ ઉપર બાંધકામ શરુ કરાવવાનું રહેશે.
૫. સેપ્ટીક ટેંક તથા સોકવેલ ની સાઈઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઈએસ ૨૪૭૦)તથા સિવિલ એન્જીનિયરીંગ હેન્ડબુક બાયખન્ના મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવાના
રહેશે.તે અનુસારની જોગવાઈ કરવાની જવાબદારી આર્કિટેક્ટ/ઈજનેર/સ્ટ્રકચરલ એન્જીનિયર/કલાર્ક ઓફ વર્કસ/સાઈટસુપરવાઈઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.
૬. વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓનો એક સેટ સ્થળે સક્ષમન સત્તાધિકારીશ્રી/અધિકારીશ્રીના સ્થળ તપાસ તથા બાંધકામ ચકાસણી અર્થે ઉપલબ્ધ રાખવાના
રહેશે.
૭. બાંધકામ પુર્ણ થયા બાદ બાંધકામનો ઉપયોગ શરુ કરતા પહેલા નિયમાનુસાર અત્રેથી બાંધકામનાં વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ વપરાશ શરુ કરવાનો રહેશે.

<u>શરતો :</u>

૧. વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોમાંથી કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો ગાંધીનગર મહાનગરપાલિકા તે શરતોનો અમલ જવાબદાર ઇસમોના/સંસ્થાના
ખર્ચે અને જોખમે કરાવી શકાશે અને ગાંધીનગર મહાનગરપાલિકાના તેવા કૃત્યને લીધે જે નુકશાન/ખોટ કે હરકત થાય તેબદલ કોઈપણ વળતર કે બદલો મળશે નહિ.
૨. આ પરવાનગીના કારણે અરજદારને માલિકી જમીનની હદ તથા જમીનના વિસ્તાર/ક્ષેત્રફળ અંગેની મંજૂરી મળતી નથી.પરંતુ બાંધકામ અંગેની મંજુરીઆપવામાં આવે છે.
૩. આ વિકાસ પરવાનગીથી ખાનગી હકો અંગે ગાંધીનગર મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેતી નથી.
૪. મુસદ્દારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અંતિમ ખંડની હદ,માપ, ક્ષેત્રફળ, તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફિસર દ્વારા ફેરફારને પાત્ર છે.
૫. પ્લોટની હદ,આંતરીક રસ્તા,કોમન પ્લોટમાં કોઈને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળોએ ૨૦૦.૦૦ ચો.મી. જમીન વિસ્તાર દીઠ પાંચ વૃક્ષ ઉગાડવાના રહેશે.વૃક્ષોની
ફરતે જરૂરિયાત મુજબ ટ્રી ગાર્ડ રાખી વૃક્ષોની સારસંભાળ રાખવાની જવાબદારી જમીન માલિક તથા વિકાસ પરવાનગીમેળવનારની રહેશે.
૬. લે-આઉટ માં દર્શાવેલ તમામ આંતરીક રસ્તાઓ પાકા કરવાના રહેશે.
૭. વખતો વખત ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલિક,હિતસંબંધ ધરાવતી વ્યક્તિ,સંસ્થા તેમજ અરજદારોને
બંધનકર્તા રહેશે.
૮. સદર વિકાસ પરવાનગી અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલા રજીસ્ટ્રેશન ધરાવતી કોઈ વ્યક્તિ બદલાય તો નવાજમીન માલિકી
અંગેના પુરાવા રજુ કરે ત્યાં સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી નવી વ્યક્તિની નિમણુંક ન થાય ત્યાં સુધી જી.ડી.સી.આર. ના વિનિમય મુજબ વિકાસ પરવાનગી નિલંબીત
ગણાશે. સદરહું દરમ્યાન થયેલ બાંધકામ બિનઅધિકૃત ગણાશે.
૯. સરકારશ્રીના તા.૨૯/૦૫/૨૦૦૧ ના સ્ટ્રકચરલ સેફ્ટી અંગેના એનેક્ષરના વિનયમ ૧૩.૧૪૩.૧૫ની જોગવાઈ અનુસાર ભુકંપ અંગેની સુરક્ષા, ચકવાત અંગેનીસુરક્ષા, બાંધકામ
તથા બાંધકામમાંવપરાતા ઈમારતી માલ સામાનની ગુણવત્તા અને ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતો અંગે
નિષ્ણાતોની સલાહ સુચનો મુજબ પગલાં તમામ જવાબદારી આર્કિટેક/ઈજનેર/સ્ટ્રકચરલ-એન્જીનીયર / કલાર્ક ઓફવર્કસ / સુપરવાઈઝર / ડેવલપર / જમીન માલિકની રહેશે.
૧૦. આ વિકાસ પરવાનગી પત્રમંજુર આપ્યા તારીખથીબાર માસ સુધી જ અમલમાં રહેશે.ત્યારબાદ અધિનિયમની કલમ ૩૨ મુજબ વિકાસ પરવાનગીની મુદતવધારવાની પૂર્વ
મંજુરી મેળવી લેવાની રહેશે.
૧૧. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઈ ફેરફાર થાય તો ગાંધીનગર મહાનગરપાલિકા આપેલ વિકાસ
પરવાનગીમાં ફેરફાર કરી શકાશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકાશે.
૧૨. જી.ડી.સી.આર.ના વિનિયમ ૩.૮ મુજબ અરજદારશ્રીએ ખોટીરીતે રજુઆત અથવા ખોટા દસ્તાવેજો પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપો આપ રદ
થયેલ ગણાશે.
૧૩. સદર પ્લોટ માટે ફાળવેલ સનદની તમામ શરતો બંધનકર્તા રહેશે.
૧૪. કોઈ સ્પેશીયલ પ્રકારનુ જોખમ જણાશે તો ફાયર અધિકારીની સુચના મુજબ કરવાનુ રહેશે.
૧૫. રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ,૨૦૧૬ની કલમ-૩ની જોગવાઈ મુજબ, રાજયમાં કોઈપણ વિકાસકાર(પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવા કે, પ્લોટ,
એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીંગ, બુકીંગ અથવા ઓફર માટેની કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ
રેગ્યુલેશન ઓથોરીટી(રેરા) ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકાશે નહી.
૧૬. આપશ્રીના બાંધકામ/ડીમોલેશન કાર્યક્રમ અન્વયે કેન્દ્ર સરકારના પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ ની કલમ ૧૦૬ અને ૧૦૭ મુજબ ડસ્ટ મિટીગેશનની જોગવાઈઓ
મુજબ કામ કરવાનું રહેશે. જેની તકેદારી આપના દ્વારા રાખવામાં આવશે.
૧૭. સુચીત આર્કીતેકચરલ પ્રોજેકશનલ અન્વયે સ્થળે હયાત બાંધકામે સી.જી.ડી.સી.આર. ના પાર્ટ-૨ ના કલોઝ ૬.૭.૩(૧૩) નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૧૮. સી.જી.ડી.સી.આર. ના પાર્ટ-૩ ના કલોઝ નં.૧૩ મુજબ પ્લાનમાં સુચેલ ટુ-વ્હિલર તેમજ ફોર-વ્હિલર પાર્કિંગ સારૂ એકસેસ\એકઝીટની જગ્યા નિયમોનુંસાર સ્થળે જાળવવાની
રહેશે.
૧૯. સદર પ્લોટમાં સ્થળે અપંગ વ્યકિતીઓ માટે સી.જી.ડી.સી.આર. ની જોગવાઈઓ મુજબ પાર્કિંગ તથા ટોઈલેટની વ્યવસ્થા તેમજ તે અન્વયે સી.જી.ડી.સી.આર. ના કલો
૧૩.૭ મુજબ જરૂરી સાઈનેજીનું કાયમી જાળવવાની રહેશે.
૨૦. સદર પ્રકરણે સ્ટેટ લેવલ એન્વાર્યમેન્ટ ક્લિયરન્સ અંગેના પ્રમાણપત્રમાં જે કોઈ શરતો રાખવામાં આવશે તે તમામ બંધનકર્તા રહેશે.